મુખ્યમંત્રી બોર્ડર વિલેજ સર્વાંગી ઉત્કર્ષ યોજના, મુખ્યમંત્રી હળપતિ સર્વાંગી ઉત્કર્ષ યોજના તેમજ મુખ્યમંત્રી આદિમજુથ સર્વાંગી ઉત્કર્ષ યોજનાનું આગામી વર્ષના કામોનું આગોતરું આયોજન કરવા બાબત.

ગુજરાત સરકાર

આદિજાતિ વિકાસ વિભાગ

પરિપત્ર ક્રમાંક: TDD/DoTD/e-file/25/2025/0088/P

સચિવાલય, ગાંધીનગર.

**વંચાણે લીધા:**

(૧) આદિજાતિ વિકાસ વિભાગનો તા.૦૪/૦૮/૨૦૨૩નો ઠરાવ ક્રમાંક: TDD/VKY/e-file/25/2023/0334/P.

(૨) આદિજાતિ વિકાસ વિભાગનો તા.૨૫/૦૭/૨૦૨૩નો ઠરાવ ક્રમાંક: TDD/HGY/e-file/25/2023/0329/G.

(૩) આદિજાતિ વિકાસ વિભાગનો તા.૦૩/૦૮/૨૦૨૩નો ઠરાવ ક્રમાંક: TDD/PTG/e-file/25/2023/0317/CH.

(૪) કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસની કચેરીનો તા.૨૮/૧૧/૨૦૨૪નો પત્ર ક્રમાંક: આવિ/અદમ/ફા.નં. ૧૪૫/૨૦૨૪/૨૫૦૦.

**આમુખ:**

આદિજાતિ વિકાસ વિભાગના ઉક્ત વંચાણે લીધા ક્રમાંક (૧) પરના ઠરાવથી મુખ્યમંત્રી બોર્ડર વિલેજ સર્વાંગી ઉત્કર્ષ યોજના, વંચાણે લીધા ક્રમાંક (૨) પરના ઠરાવથી મુખ્યમંત્રી હળપતિ સર્વાંગી ઉત્કર્ષ યોજના તેમજ વંચાણે લીધા ક્રમાંક (૩) પરના ઠરાવથી મુખ્યમંત્રી આદિમજૂથ સર્વાંગી ઉત્કર્ષ યોજના અમલમાં છે.

ઉક્ત યોજનાઓ હેઠળ જે તે નાણાકીય વર્ષની બજેટ જોગવાઈ ધ્યાને લઈ નાણાકીય વર્ષ શરૂ થતા જિલ્લાની વસ્તી ધ્યાને લઈ ગ્રાન્ટનું વિભાજન કરવામાં આવે છે. વાર્ષિક વિભાજન મુજબ સંબંધિત જિલ્લા કચેરી દ્વારા જિલ્લા કક્ષાએ સંબંધિત અમલીકરણ અધિકારીશ્રીઓની કચેરીઓ પાસેથી દરખાસ્તો મેળવવામાં આવે છે. જે દરખાસ્તોની જિલ્લા સમિતિ દ્વારા મંજૂરી મેળવી રાજ્ય કક્ષાએ રજૂ થાય છે. રાજ્યકક્ષાએ રાજ્યસ્તરીય સમિતિ દ્વારા સૈદ્ધાંતિક મંજૂરી આપવામાં આવે છે. જે અન્વયે સૈદ્ધાંતિક મંજૂર કરેલ કામોની સંબંધિત જિલ્લા કચેરી દ્વારા તેઓના જિલ્લાના અમલીકરણ અધિકારીશ્રી પાસેથી તાંત્રિક મંજૂરી મેળવ્યા બાદ વહીવટી મંજુરી અને ગ્રાંટ ફાળવણીની કાર્યવાહી કરવામાં આવે છે. ત્યારબાદ સંબંધિત અમલીકરણ કચેરી દ્વારા કામગીરીનો અમલ કરવામાં આવે છે. આમ, સદર યોજનાઓમાં જે તે વર્ષની નાણાકીય જોગવાઈ મુજબ યોજના હેઠળના કામોનું આયોજન અને અમલ જે તે નાણાકીય વર્ષમાં પૂર્ણ કરવો શક્ય બનતો નથી. જેથી અંદાજપત્રીય જોગવાઈ થયા બાદ વાસ્તવિક રીતે કામ પૂર્ણ કરી ખરેખર ખર્ચ થવાની પ્રક્રિયા ખૂબ જ લાંબો સમય માંગી લે છે.

ઉક્ત યોજનાઓના સમયસર આયોજન ન થવાના કારણે કામોની તાંત્રિક મંજૂરી, વહીવટી મંજૂરી, ટેન્ડરીંગ, ગુણવત્તા ચકાસણી અને અનુદાન ફાળવણી જેવી પ્રક્રિયામાં વિલંબ થાય છે તથા જે તે વર્ષમાં આયોજન થયેલ કામો તે વર્ષમાં સમયસર પૂર્ણ થઇ શકતા નથી અથવા બાકી રહેવા પામે છે. જેને કારણે ગ્રાન્ટના વણવપરાશ અને ઓડિટ સંબંધિત પ્રશ્નો ઉપસ્થિત થાય છે.

ઉક્ત મુશ્કેલીઓને ધ્યાને લેતાં તેના નિવારણ માટે વર્ષ ૨૦૨૫-૨૬થી મુખ્યમંત્રી બોર્ડર વિલેજ સર્વાંગી ઉત્કર્ષ યોજના, મુખ્યમંત્રી હળપતિ સર્વાંગી ઉત્કર્ષ યોજના તથા મુખ્યમંત્રી આદિમજૂથ સર્વાંગી ઉત્કર્ષ યોજના હેઠળની જોગવાઇનું આગોતરું આયોજન કરવા બાબતે કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસના ઉક્ત વંચાણે લીધા ક્રમાંક (૪) પરના પત્રથી કરવામાં આવેલ દરખાસ્ત અન્વયે નીચે મુજબની સૂચના પરિપત્રિત કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**<u>પરિપત્ર:</u>**

૧. પુખ્ત વિચારણાના અંતે, વર્ષ ૨૦૨૫-૨૬થી મુખ્યમંત્રી બોર્ડર વિલેજ સર્વાંગી ઉત્કર્ષ યોજના, મુખ્યમંત્રી હળપતિ સર્વાંગી ઉત્કર્ષ યોજના તથા મુખ્યમંત્રી આદિમજૂથ સર્વાંગી ઉત્કર્ષ યોજના હેઠળ આગોતરું આયોજન કરવાનું નક્કી કરેલ છે. આ નિર્ણય મુજબ દર વર્ષે આગામી નાણાકીય વર્ષના કામોનું આગોતરું આયોજન કરવાનુ રહેશે. એટલે કે વર્ષ ૨૦૨૪-૨૫માં વર્ષ ૨૦૨૫-૨૬નું આયોજન કરવાનું રહેશે અને વર્ષ ૨૦૨૫-૨૬માં ૨૦૨૬-૨૭ના વર્ષનું આયોજન કરવાનું રહેશે.

૨. હાલમાં વર્ષ ૨૦૨૪-૨૫ પુરૂ થવાનું હોઈ અને વર્ષ ૨૦૨૫-૨૬નું બજેટ પ્રસ્તુત થયેલ હોઈ, વર્ષ ૨૦૨૪-૨૫ના બાકી આયોજન અને વર્ષ ૨૦૨૫-૨૬ના આયોજન માટેની સમય-મર્યાદા નીચે મુજબ રહેશે.

| ક્રમ | વર્ષ | રાજ્યસક્ષાની સમિતિ દ્વારા આયોજન મંજૂર કરવાની સમયમર્યાદા | સમિતિ દ્વારા મંજૂર થયેલ કામોની તાંત્રિક મંજૂરી, વહીવટી મંજૂરી, ટેન્ડરીંગ જેવી તમામ બાબતો પૂરી કરવાની સમયમર્યાદા |
|---|---|---|---|
| ૧. | ૨૦૨૪-૨૫ | માર્ચ-૨૦૨૫ | જુન-૨૦૨૫ |
| ૨. | ૨૦૨૫-૨૬ | માર્ચ-૨૦૨૫ | જુન-૨૦૨૫ |
| ૩. | ૨૦૨૬-૨૭ | ડિસેમ્બર-૨૦૨૫ | માર્ચ-૨૦૨૬ |

વર્ષ ૨૦૨૬-૨૭ પછીના વર્ષો માટે આગામી વર્ષના આયોજન માટે જે તે વર્ષના ડિસેમ્બર મહિનામાં રાજ્યકક્ષાની સમિતિની મંજૂરી મેળવવાની રહેશે અને આગામી વર્ષના માર્ચ મહિના સુધીમાં મંજૂર થયેલ કામોની તાંત્રિક મંજૂરી, વહીવટી મંજૂરી, ટેન્ડરીંગ જેવી તમામ બાબતોની મંજૂરી મેળવવાની કામગીરી પૂર્ણ કરવાની રહેશે.

૩. વર્ષ ૨૦૨૪-૨૫ માટેના રીવાઇઝ્ડ બજેટની જોગવાઇ મુજબ કરેલ ફાળવણી મુજબ વિસ્તારવાર આયોજન કરી સક્ષમ કક્ષાએ મંજૂરી મેળવવાની રહેશે. વર્ષ ૨૦૨૫-૨૬ માટે, વિધાનસભામાં રજૂ કરેલ બજેટની જોગવાઇ ધ્યાને લઇ, તે પ્રમાણેની સંભવિત નાણાકીય જોગવાઇ ધ્યાને લઇ, આયોજન કરવાનું રહેશે. નાણાકીય વર્ષની બજેટ જોગવાઇને વહીવટી મંજૂરી મળ્યેથી જે તે વર્ષના આયોજનમાં સમાવિષ્ટ કામો અન્વયે ફાળવણી કરી, સમયસર કામો પૂર્ણ કરવાના રહેશે.

૪. આગામી વર્ષો માટે આ યોજનાઓ હેઠળ પાછલાં વર્ષોમાં જેટલી બજેટ જોગવાઇ મંજૂર થયેલ હોય તેટલી જોગવાઇને સંભવિત ગણી આગામી વર્ષ માટેના કામોનું આગોતરું આયોજન કરવાનું રહેશે. દા.ત. વર્ષ ૨૦૨૫-૨૬ માટે મુખ્યમંત્રી બોર્ડર વિલેજ સર્વાંગી ઉત્કર્ષ યોજના માટે રૂ. ૧૦૦ કરોડની જોગવાઇ અંદાજપત્રમાં કરવામાં આવેલ હોય તો, વર્ષ ૨૦૨૫-૨૬માં વર્ષ ૨૦૨૬-૨૭ માટે મુખ્યમંત્રી બોર્ડર વિલેજ સર્વાંગી ઉત્કર્ષ યોજના હેઠળ રૂ. ૧૦૦ કરોડનું આગોતરૂં આયોજન કરવાનું રહેશે. ત્યારબાદ વર્ષ ૨૦૨૬-૨૭ માટે જ્યારે અંદાજપત્રમાં વાસ્તવિક જોગવાઇ નિશ્ચિત થાય ત્યારે તફાવત રહેતી રકમ મુજબ આયોજનમાં ફેરફાર કરવાનો રહેશે.

૫. ઉક્ત યોજનાઓ હેઠળના કામો મંજૂર કરતા સમયે આ વિભાગના તા.૦૧/૧૨/૨૦૨૩ના સત્તા સોંપણી અંગેના હુકમ ક્રમાંક: TDD/MKM/e-file/25/2023/0193/K સાથે સામેલ પરિશિષ્ટમાં નિયત થયેલ સક્ષમ કક્ષાએ દરખાસ્ત મંજૂરી અર્થે રજૂ કરવાની રહેશે.

૬. ઉક્ત સૂચનાઓના અમલની સાથે ઉક્ત વંચાણે લીધેલ ઠરાવોની જોગવાઇઓનું તથા વખતો વખત પ્રસિદ્ધ થયેલ સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

આ પરિપત્ર આ વિભાગની સમાન ક્રમાંકની ફાઈલ પર માન. મંત્રીશ્રી, આદિજાતિ વિકાસની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં

આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

આર. એચ. વસાવા
સંયુક્ત સચિવ
આદિજાતિ વિકાસ વિભાગ

પ્રતિ,

- માન. રાજયપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન. મુખ્યમંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી, આદિજાતિ વિકાસના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.રાજ્ય કક્ષાના મંત્રીશ્રી, આદિજાતિ વિકાસના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, નાણા વિભાગ, બ્લોક નં.૪, નવા સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી(આ.વિ.)ના અગ્ર રહસ્ય સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, બ્લોક નં ૮/૬, સચિવાલય, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી(આ.વિ.), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી(આદિજાતિ વિકાસ), આદિજાતિ વિકાસની કચેરી, બિરસા મુંડા ભવન, ગાંધીનગર.
- સર્વે પ્રાયોજના વહીવટદારશ્રીઓ (કમિશ્નરશ્રી(આ.વિ.)ની કચેરી મારફત)
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી,ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
- શાખા અધિકારીશ્રી (ગ, ચ), આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ તેઓને સંબંધિત યોજના અન્વયે જરૂરી આનુષાંગિક કાર્યવાહી અર્થે.
- સીસ્ટમ મેનેજરશ્રી, આદિજાતિ વિકાસ વિભાગની વેબસાઇટ પર મૂકવા વિનંતી સહ.
- સિલેક્ટ ફાઇલ.

Signature Not Verified
Signed by:R H VASAVA
Joint Secretary
Date: 2025.03.11
13:07:31 +05:30


Open the document in Adobe Acrobat DC to verify the E-sign